# ચેક - ડ્રાફટ ૩ માસ માટે જ માન્ય

પહેલી એપ્રિલ ૨૦૧૨થી ચેક અને બેંક ડ્રાફટની અવધિ ત્રણ મહિનાની રહેશે. ચેક અને ડ્રાફટની વેલિડિટી ઘટાડીને ત્રણ મહિના કરી દેવામાં આવે છે. આ વેલિડિટી અગાઉ છ મહિનાની હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આ સંબંધમા જાહેરનામુ જારી કરીન કહ્યુ હતું કે, હવે ગ્રાહક દ્વારા રોકડ વ્યવહારો માટે આપવામાં આવેલા ચેક અને ડ્રાફટની અવધિ ઈસ્યુની તારીખથી ત્રણ મહિનાની રહેશે.

રિઝર્વ બેંન્ક જણાવ્યું હતું કે કેટલાક લોકો દ્વારા ચેકસ, ડ્રાફટ્સ, પે ઓર્ડર્સ અને બેકર્સ ચેકસને છ મહિનાનાં ગાળા માટે ઈસ્યુ કરીને તેનો રોકડ વ્યવહારો તરીકે દુરુપયોગ કરવામાં આવતો હોવાનુ સરકારની જાણમાં આવ્યું હતું તેથી આવા બોગસ વ્યવહારો રોકવા માટે તેની માન્યતા ઘટાડીને ત્રણ મહિનાની કરવામાં આવી છે.

બેંકોને પહેલી એપ્રિલ ૨૦૧૨થી જારી કરવામાં આવનાર ચેક અને ડ્રાફટ પર પ્રિન્ટમાં ફેરફાર કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. છેલ્લા થોડાક વર્ષોમાં એક સિસ્ટમ એવી વિકસિત કરવામાં આવી હતી જેમાં વ્યકિત 'એ' ની તરફેણમાં જારી કરવામાં આવેલા ચેકને વ્યકિત ' બી' ના ખાતામાં ટ્રાન્સફર કરી શકાતા હતા. આમ તેનો રોકડ વ્યવહાર તરીકે કે ચલણી નોટની જેમ ઉપયોગ કરાતો હતો પણ હવે નવા ધારાધોરણો અમલમાં આવ્યા બાદ આરબીઆઈને આશા છે કે આ દુરુપયોગને રોકી શકાશે.

આરબીઆઈએ બેંકોને એવી સુચના આપી છે કે એકાઉન્ટ પે ચેક અને ડ્રાફટ ઈન્સ્ટુટમેન્ટમાં નામ ધરાવતી વ્યકિતના ખાતામાં જ નાણાં જમા કરાવવામાં આવે. આ સંબંધમાં વધુ માહિતી મળી શકી નથી. પરંતુ બેંકરોએ કહ્યું છે કે આ હિલચાલથી વ્યકિતગત ખાતેદારોને વધારે અસર થશે. કારણ કે કંપનીઓ મોટાભાગે ચેક અને ડ્રાફટ મેળવવાના કલાકો પહેલાજ જમા કરાવે છે. કારણકે તેઓ કોઈ પણ વ્યાજની આવક ગુમાવવા માંગતી નથી. કાળાં નાણાંના દુરુપયોગને રોકવાના હેતુસર

**ગુજરાત સમાચાર તા.૦૯–૧૧–૨૦૧૧**